'મોબાઈલ' યુદ્ધ | ચાલુ ક્લાસમાં મોબાઈલ વાપરવા પર પ્રતિબંધ મૂકતા શિક્ષકો ઉશ્કેરાયા

# વસોની પેટલી ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો સામે વાલીઓ મેદાનમાં આવ્યાં

**આચાર્ય પર માનસિક** ત્રાસના ખોટા આક્ષેપ સાથે આવેદનપત્ર આપ્યું, વાલીઓએ શિક્ષકોની પોલ ખોલી



(પ્રતિનિધિ) નડિયાદ તા.14
વસો તાલુકાની પેટલી પ્રાથમિક શાળા અત્યારે શિક્ષણના ધામને બદલે આક્ષેપ-પ્રતિઆક્ષેપનું મેદાન બની ગઈ છે. શાળાના આચાર્ય નરેન્દ્ર પટેલ અને સ્ટાફ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલું શીતયુદ્ધ ગત શુક્રવારે જાહેરમાં આવ્યું હતું.

વસોની પેટલી પ્રાથમિક શાળાના શિક્ષકો શૈક્ષણિક કાર્ય દરમિયાન મોબાઈલના વપરાશ પર આચાર્યએ પ્રતિબંધ મૂકી શિસ્તના પાઠ ભણાવતા, ઉશ્કેરાયેલા શિક્ષકોએ આચાર્ય સામે માનસિક ત્રાસના આક્ષેપો કરી જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવતા ચકચાર મચી છે. જોકે, આ વિવાદમાં વાલીઓએ આચાર્યના કડક વલણને સમર્થન આપી શિક્ષકોની કામચોરી ખુલ્લી પાડી છે.

આ અંગે વાલીઓના જણાવ્યા અનુસાર, શિક્ષકો આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહેતા હોવાથી બાળકોનું ભાવિ અંધકારમય બની રહ્યું છે અને સ્વાધ્યાય પોથીમાં પણ પૂરતું લેખન કાર્ય કરાવતા નથી. આચાર્યના આવ્યા પછી શાળામાં શિસ્ત અને ભણતરનું વાતાવરણ સુધર્યું હોવાનું પણ વાલીઓએ જણાવ્યું છે.

### બદનામ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે: આચાર્ય

આચાર્ય નરેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, ગત શુક્રવારે સફાઈ અને પ્રાર્થના સભામાં શિક્ષકોની બેદરકારી બદલ ઠપકો આપ્યો હોવાથી તેઓ ગભરાઈ ગયા છે. શિક્ષકોએ બાળકો અને વાલીઓને ઉશ્કેરીને રોડ પર ઊભા રાખ્યા હતા, જે નિંદનીય છે. જૂના વિડિયો વાયરલ કરીને તેમને બદનામ કરવાનું કાવતરું રચાઈ રહ્યું હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે.

### તપાસના આધારે કડક પગલાં લેવાશે: ટીપીઓ

આ મામલો ઉગ્ર બનતા વસો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ભરત પારેખે શાળાની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું કે, શિક્ષકો દ્વારા અપાયેલા આવેદનપત્ર અને શાળાની સ્થિતિ અંગે આચાર્ય, શિક્ષકો તથા વાલીઓના નિવેદન નોંધ્યા છે. આ તપાસનો અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સોંપવામાં આવશે અને દોષિતો સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરાશે.

## કપડવંજમાં ગેસ સિલિન્ડર માટે ગ્રાહકોની લાંબી કતારો લાગી




કપડવંજના દાણા રોડ પર આવેલી ગેસ એજન્સીની બહાર સિલિન્ડર લેવા માટે લોકોની ભીડ ઉમટી પડી હતી. જેમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુ એવા એલપીજી ગેસ માટે લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. ઓનલાઇન સર્વર બંધ થઈ જવાથી લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે અને ગ્રાહકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. - **તસવીર : હરિશ જોષી**

### ખેડા જિલ્લામાં ગેસનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ

ખેડા જિલ્લા પુરવઠા અધિકારી અક્ષય પારગીએ જણાવ્યું છે કે, જિલ્લામાં ડોમેસ્ટિક એલપીજી ગેસનો જથ્થો પૂરતા પ્રમાણમાં છે, તેથી નાગરિકોએ અછત અંગેની કોઈ પણ ભ્રામક માહિતીથી ગભરાવવાની જરૂર નથી. ગેસ વિતરકો સાથે બેઠક યોજીને સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. કોમર્શિયલ ગેસ વિતરણમાં શાળા સંકુલો અને હોસ્પિટલોને પ્રાથમિકતા અપાશે. ગ્રાહકો માટે એકવાર ગેસ બુક કર્યાના 25 દિવસ પછી જ ફરીથી બુકિંગ થઈ શકશે. ઓનલાઈન બુકિંગમાં આવતી ટેકનિકલ સમસ્યા વહેલી તકે દૂર કરાશે.

લબડતા વીજ વાયરો ટકરાતા તણખા ઝર્યા અને જોતજોતામાં ખેતરમાં આગ લાગી

# વીજ કંપનીની ઘોર બેદરકારીથી ઘઉંનો તૈયાર પાક બળીને ખાખ

**ખેડૂતે મહામહેનતે** તૈયાર કરેલો પાક બળી જતાં ભારે આક્રોશ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.14
ખાનપુર તાલુકામાં વીજ કંપનીની ગંભીર લાપરવાહીના કારણે ખેડૂતોએ રાત-દિવસ એક કરીને પકવેલો મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે.

ખાનપુર તાલુકાના બાકોર અને દલેલપુરા વિસ્તારમાં ખેતરોની ઉપરથી પસાર થતી વીજ લાઈનના વાયરો અત્યંત ઢીલા હોવાથી એકબીજા સાથે ટકરાયા હતા. આ ટકરાવને કારણે થયેલો ભયાનક સ્પાર્ક ખેતરમાં પડતા જ ઉભા ઘઉંના પાકમાં આગ ફાટી નીકળી હતી. ખેડૂતોની મહિનાઓની મહેનત બાદ લણણી માટે તૈયાર થયેલો પાક નજર સામે જ બળીને ખાખ થઈ જતાં ખેડૂત પરિવારોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. વીજ કંપનીની આ લાપરવાહીને કારણે માત્ર પાક જ નહીં, પરંતુ ખેડૂતોની આજીવિકા પણ જોખમમાં મુકાઈ છે. ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી છે કે, આવા જોખમી અને ઢીલા ખુલ્લા વાયરોને બદલે તાત્કાલિક અન્ડરગ્રાઉન્ડ અથવા સુરક્ષિત કેબલ વાયર નાખવામાં આવે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવી શકાય.

# બાકોર પાસે 3.82 લાખના વિદેશી દારૂ સાથે બે ઝબ્બે

**બાકોર પોલીસે કુલ** 7.97 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.14
બાકોર પોલીસે રાજસ્થાનથી અમદાવાદ સુધી વિદેશી દારૂ પહોંચાડવાના બુટલેગરોના મનસુબા પર પાણી ફેરવી દીધું છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખાનપુર રૂઝડા ગામની સીમમાં વોચ ગોઠવીને નેક્ષોન ગાડીને આંતરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ખડોદી તરફથી આવી રહેલી શંકાસ્પદ નેક્ષોન ગાડીને પોલીસે ઉભી રાખવા ઈશારો કર્યો હતો. પોલીસને જોઈને બુટલેગરોએ ગાડી ઉભી રાખી નાસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ચપળતા વાપરીને બન્નેને પકડી લીધા હતા. પકડાયેલા ઈસમોની ઓળખ કાર્તિકકુમાર મુકેશભાઈ જાદવ (રહે. સાબરમતી, અમદાવાદ) અને કુલદીપ રાજુભાઈ ઠાકોર (રહે. શાહીબાગ, અમદાવાદ) તરીકે થઈ છે.મુદ્દામાલ અને ગુનાહિત કાવતરું પોલીસ તપાસમાં ગાડીમાંથી વિદેશી દારૂ અને બિયરના 1680 ટીન મળી આવ્યા હતા, જેની બજાર કિંમત 3,82,397 થાય છે. દારૂ અને ગાડી સહિત કુલ 7,97,397નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે, અમદાવાદના ગોમતીપુરની મહિલા બુટલેગર યાસ્મીનાના કહેવાથી આ દારૂ અમદાવાદમાં અલગ-અલગ જગ્યાએ પહોંચાડવાનો હતો. આ ગુનામાં સંડોવાયેલા તમામ શખ્સો વિરુદ્ધ બાકોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ચારુસેટમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર ત્રિ-દિવસીય વર્કશોપ યોજાશે

**ગુજકોસ્ટ અને** ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત કાર્યશાળામાં MS પ્રોજેક્ટ, BIM અને પ્રિમાવેરા જેવા આધુનિક સોફ્ટવેરની પ્રેક્ટિકલ તાલીમ અપાશે

(પ્રતિનિધિ) આણંદ તા.14
ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના એમએસ પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ સિવિલ એન્જિનિયરિંગ દ્વારા 16મીથી 18મી માર્ચ દરમિયાન એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઈન કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ મેનેજમેન્ટ' વિષય પર આધારિત આ ત્રણ દિવસીય વર્કશોપ ગુજકોસ્ટ, ડીએસટી અને ગુજરાત સરકાર દ્વારા સ્પોન્સર્ડ છે.

આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય સહભાગીઓને કન્સ્ટ્રક્શન ઉદ્યોગમાં ઝડપથી વિકસતી ડિજિટલ ટેક્નોલોજી અને આધુનિક સાધનો વિશે પ્રેક્ટિકલ નોલેજ પૂરો પાડવાનો છે. આ કાર્યશાળા દરમિયાન MS Project અને Primavera દ્વારા ડિજિટલ પ્લાનિંગ અને શેડ્યુલિંગ, બિલ્ડિંગ ઈન્ફોર્મેશન મોડેલિંગ, ડિજિટલ વર્કફ્લો સિસ્ટમ્સ અને ઉદ્યોગ આધારિત કેસ સ્ટડીઝ જેવા મહત્વના વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત, સહભાગીઓને આધુનિક સોફ્ટવેર એપ્લિકેશન્સ પર હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ પણ આપવામાં આવશે.

આ મહત્વકાંક્ષી વર્કશોપનું આયોજન ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના ડીન ડો. વિજય ચૌધરી, CSPIT ના પ્રિન્સિપાલ ડો. તૃષિત ઉપાધ્યાય અને સિવિલ વિભાગના વડા ડો. વિજય પંચાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. શૈક્ષણિક અને ઉદ્યોગ જગતના નિષ્ણાતો દ્વારા વિવિધ સત્રો લેવામાં આવશે, જે ભાગ લેનારાઓને ડિજિટલ કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટના આધુનિક સાધનો સમજવામાં અને તેમના વ્યાવસાયિક વિકાસમાં મદદરૂપ થશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના રોકડિયા હનુમાનજી મંદિરે શ્રીમદ્ ભાગવત હોમાત્મક યજ્ઞનો પ્રારંભ



**આણંદ |** આણંદના પ્રસાદીભૂત રોકડિયા હનુમાનજી મંદિરે મહંત સદ્. ભક્તવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ પરિવારના કલ્યાણાર્થે શ્રીમદ્ ભાગવત હોમાત્મક યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં 11 બ્રાહ્મણો દ્વારા ભાગવતજીના તમામ શ્લોકોનું વાજિંત્રો સાથે ગાન કરી યજ્ઞમાં આહુતિઓ આપી અનુષ્ઠાન કરવામાં આવી રહ્યું છે. આ મંગલ પ્રસંગે સોલા ભાગવત વિદ્યાપીઠ અને પેટલાદના નામાંકિત ગુરુશ્રેષ્ઠીઓ વિશેષ ઉપસ્થિત રહી યજ્ઞની શોભા વધારી રહ્યા છે. 11મી માર્ચથી શરૂ થયેલા આ દિવ્ય હોમાત્મક યજ્ઞની પૂર્ણાહુતિ આગામી તા. ૧૮-૦૩-૨૬, બુધવારના રોજ થશે.

### કપડવંજ કોંગ્રેસમાં અનેક યુવાનો પક્ષની વિચારધારા સાથે જોડાયા



**કપડવંજ |** કપડવંજ શહેર કોંગ્રેસ સમિતિ ખાતે તાલુકા અને શહેર પ્રમુખોની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓનો જોડાણ કાર્યક્રમ યોજાયો હતો. ખેડા જિલ્લા NSUI પ્રમુખ પ્રકાશભાઈ નાયકના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ પ્રસંગે અનેક યુવાનો વિધિવત રીતે કોંગ્રેસ પરિવારમાં જોડાયા હતા. જેમાં કેવલકુમાર ત્રિવેદી, કાંતિભાઈ પરમાર, રાજેશભાઈ વણઝારા, નિમેષકુમાર મકવાણા અને વાજીદખાન પઠાણ સહિતના યુવાનોનો સમાવેશ થાય છે. પક્ષના હોદ્દેદારો દ્વારા તમામ નવા જોડાયેલા કાર્યકર્તાઓનું સ્વાગત કરી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### કઠલાલ નગરમાં 1.42 કરોડના ખર્ચે ક્ષમતા વર્ધન કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



**કઠલાલ |** કઠલાલ ખાતે સાંસદ દેવુસિંહ ચૌહાણ દ્વારા 1.42 કરોડના ખર્ચે બનનારા ક્ષમતા વર્ધન કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, જે યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે લાઇબ્રેરી અને જરૂરી સાહિત્ય જેવી સુવિધાઓ પૂરી પાડશે. આ પ્રસંગે સરાલી ગામમાં નવા પંચાયત ભવનનું લોકાર્પણ અને તાતરિયા રોડના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા સહિતના મહાનુભાવો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં આ વિકાસકાર્યોને ખુલ્લા મૂકાયા હતા. આ પ્રોજેક્ટ્સથી કઠલાલ, મહેમદાવાદ અને માતર વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણમાં અને સ્થાનિકોને પરિવહન સુવિધામાં મોટો ફાયદો થશે.

### ભાઈકાકા યુનિવર્સિટીમાં ટ્રોમા અને ઈમર્જન્સી કેર પર રાષ્ટ્રીય નર્સિંગ કોન્ફરન્સ યોજાઈ



**આણંદ |** કરમસદની ભાઈકાકા યુનિવર્સિટીમાં 'ટ્રોમા અને ઈમર્જન્સી કેર' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય નર્સિંગ કોન્ફરન્સનું સફળ આયોજન કરાયું. ગુજરાત નર્સિંગ કાઉન્સિલના વાઈસ પ્રેસિડન્ટ આઈ.એ. કડીવાલા અને પ્રોવોસ્ટ ડો. અભય ધરમસીએ નર્સિંગ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ અને 'ગોલ્ડન અવર'ની મહત્વતા પર ભાર મૂક્યો. એઈમ્સ જોધપુર અને હિન્દુજા કોલેજના નિષ્ણાતોએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ક્લિનિકલ કૌશલ્ય વધારવા અંગે સહભાગીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. આ પ્રસંગે યોજાયેલા વર્કશોપમાં કાર્ડિયાક લાઈફ સપોર્ટ જેવી કટોકટીની સ્થિતિઓ માટે પ્રેક્ટિકલ તાલીમ આપી 7 CNE ક્રેડિટ કલાકો ફાળવવામાં આવ્યાં હતાં.

### કપડવંજમાં 17.60 કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું



**કપડવંજ |** કપડવંજ નગરપાલિકા વિસ્તારમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના હસ્તે વિવિધ વિકાસલક્ષી કાર્યોની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે રૂપિયા 14.75 કરોડના કામોનું ખાતમુહૂર્ત અને રૂપિયા 2.85 કરોડના પૂર્ણ થયેલા કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ વર્ષાબેન પંચાલ સહિત સંગઠનના હોદ્દેદારો, અધિકારીઓ અને શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસકાર્યો થકી કપડવંજના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખેડા જિલ્લામાં દિવ્યાંગોને મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને વ્હીલચેર સહાયનું વિતરણ



**નડિયાદ |** ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ખેડા જિલ્લાના પાત્રતા ધરાવતા દિવ્યાંગોને મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને જોયસ્ટીક વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી દ્વારા રાજ્યવ્યાપી શરૂ કરાયેલ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવી તેમની અન્ય પરની નિર્ભરતા ઘટાડવાનો અને જીવનશૈલી સુધારવાનો છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એલ.જી. ભરવાડ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લાભાર્થીઓને સાધનો અર્પણ કરી પ્રોત્સાહિત કરાયા હતાં.

### આણંદમાં 14 વર્ષની કિશોરી માટે એચપીવી રસીકરણ અભિયાનનો પૂરજોશમાં પ્રારંભ



**આણંદ |** વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શરૂ કરાયેલ સર્વાઇકલ કેન્સર ફ્રી ઇન્ડિયા અભિયાન હેઠળ આણંદ જિલ્લામાં રસીકરણની કામગીરી વેગીલી બની છે. કલેક્ટર પ્રવીણ ચૌધરીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની રૂબરૂ મુલાકાત લઈ આ અભિયાન હેઠળ થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. મહિલાઓમાં બીજા ક્રમે જોવા મળતા ગંભીર સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે જિલ્લાની અંદાજિત 17,787 કિશોરીઓને રસી આપવાનો લક્ષ્યાંક છે. કિશોરીઓને એચપીવી રસી આપી ગર્ભાશયના મુખના કેન્સરના જોખમથી સુરક્ષિત કરવાના હેતુથી આ રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

### કરમસદની સાકરબા કન્યા શાળામાં ઇન્ટરનેશનલ સેવા ફાઉન્ડેશન દ્વારા યુનિફોર્મ અને બૂટનું વિતરણ



**આણંદ |** ઇન્ટરનેશનલ સેવા ફાઉન્ડેશન (USA) દ્વારા કરમસદ સ્થિત સાકરબા કન્યા શાળાની 225 દીકરીઓને સહાય પૂરી પાડવામાં આવી હતી. આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત તમામ વિદ્યાર્થીનીઓને સ્કૂલ યુનિફોર્મ, સ્પોર્ટ્સ યુનિફોર્મ તેમજ બૂટ અને મોજાંનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે શાળા પરિવાર અને વાલીઓએ દાતા સંસ્થાની ઉદારતા બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. વિદેશમાં વસતા ભારતીયો દ્વારા માતૃભૂમિની દીકરીઓના શિક્ષણ અને સુવિધા માટે કરવામાં આવેલી આ પહેલની પ્રશંસા થઈ રહી છે.

### આણંદના સામાજિક કાર્યકર દીપાલીબેન ઇનામદારનું મહિલા દિવસે રાજ્ય સ્તરે સન્માન કરાયું




**આણંદ |** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સિયારામ ફાઉન્ડેશનના સ્થાપક દીપાલીબેન ઇનામદારને તેમની વિશિષ્ટ સમાજસેવા અને મહિલા સશક્તિકરણના કાર્યો બદલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે અત્યાર સુધી 700Lr વધુ મહિલાઓને સીવણ અને બ્યુટી પાર્લરની તાલીમ આપી આત્મનિર્ભર બનાવી છે તથા કોરોના મહામારીમાં પણ હજારો જરૂરિયાતમંદોને સહાય પહોંચાડી હતી. છેલ્લા ત્રણ વર્ષથી સતત 51 - 51 દીકરીના સમૂહ લગ્નનું આયોજન કરી આર્થિક ભારણમાંથી મુક્તિ અપાવી છે.

### વીરપુર સીએચસી ખાતે 'વિશ્વ ઝામર સપ્તાહ' નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**વીરપુર |** મહીસાગર જિલ્લા અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ અને વિરપુર સીએચસી દ્વારા સંયુક્ત રીતે ઝામર રોગ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. મીત પરીખ અને ડો. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ દર્દીઓને ઝામરના લક્ષણો, નિદાન અને તેની સારવાર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે નિષ્ણાંતોએ 40 વર્ષની ઉંમર વટાવ્યા બાદ દરેક વ્યક્તિને નિયમિતપણે આંખોની તપાસ કરાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. ભારતમાં આશરે 1.2 કરોડ લોકો ઝામરથી પીડાય છે, તેથી આ ગંભીર રોગ સામે રક્ષણ મેળવવા જનજાગૃતિ અત્યંત અનિવાર્ય છે.

### આણંદ જિલ્લામાં 265 દિવ્યાંગોને મોટરાઈઝડ ટ્રાઈસીકલ અને વ્હીલચેરનું વિતરણ શરૂ



**આણંદ |** રાજ્ય સરકારની નવી યોજના હેઠળ આણંદ જિલ્લામાં 200 મોટરાઈઝડ ટ્રાઈસીકલ અને 65 જોયસ્ટીક વ્હીલચેર મળી કુલ ૨૬૫ આધુનિક સાધનો મંજૂર કરી તેનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગરથી કરાયેલા રાજ્યવ્યાપી પ્રારંભ બાદ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીએ દિવ્યાંગોને સ્વનિર્ભર બનાવવાના હેતુથી આ કાર્યવાહી હાથ ધરી છે. આ આધુનિક સુવિધા ધરાવતી ટ્રાઈસીકલ અને વ્હીલચેર દિવ્યાંગો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.